# સરદાર ના હોત તો ગીર-સોમનાથ માટે વિઝા લેવા પડત : મોદી












## સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રતિમા દેશના કરોડો લોકોના સામર્થ્યનું પ્રતિક છે : લોકાર્પણ પ્રસંગે નરેન્દ્ર મોદીએ સરદાર સાહેબની સિદ્ધિઓ રજૂ કરી : સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદાર પટેલના પ્રણ, પ્રતિભા, પુરૂષાર્થ અને પરમાર્થની ભાવનાનું જીવતું જાગતુ પ્રગટીકરણનું પ્રતિક : મોદીએ લોકોને સંબોધન કર્યુ

અમદાવાદ,તા.૩૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નર્મદા નદી તટે વિંધ્યાચળ અને સાતપુડાની ગિરી કંદરાઓના સાનિધ્યમાં ગુજરાતના કેવડીયા કોલોની પાસે વિશ્વની ઊંચામાં ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા રાષ્ટ્રને સમર્પિત કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈતિહાસના સૂવર્ણપૃષ્ઠને ઉજાગર કરતાં કહ્યું હતું કે, ભારતે ભવિષ્યની પેઢીને એકતા-અખંડતાની પ્રેરણા મળતી રહે તે માટે ગગનચુંબી આધાર તૈયાર કર્યો છે. સરદાર વલ્લભભાઈ પટેલની આ પ્રતિમા સરદારના પ્રણ, પ્રતિભા, પુરૂષાર્થ અને પરમાર્થની ભાવનાનું જીવતું જાગતું પ્રગટીકરણ છે. રાષ્ટ્રીય એકતા પ્રતિ સમર્પણ અને ભારત ભક્તિની તાકાતથી મનમાં મિશન સાથે ગુજરાતે આ કામ ઐતિહાસિક સમયમાં પૂર્ણ કર્યું છે. આ સ્મારક કરોડો ભારતીયોના સન્માન અને સેંકડો દેશવાસીઓના સામર્થ્યનું પ્રતિક છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી દેશની અર્થ વ્યવસ્થા અને રોજગાર નિર્માણ માટે મહત્વનું સ્થાન બની રહેશે એટલું જ નહીં, આ વિસ્તારના હજ્જારો આદિવાસીઓના જનજીવન બહેતર બનાવીને પરિવર્તન આણનારૂં એકતાનું તિર્થસ્થાન બની રહેશે. મુખ્યમંચ ખાતેથી લીવર દ્વારા પ્રધાનમંત્રીએ વર્ચ્યુઅલી રાષ્ટ્રાર્પણ વિધિ સંપન્ન કરી હતી. ભારતભક્તિની ભાવનાના બળે જ હજ્જારો વર્ષોથી ભારતની સભ્યતા વિકસી રહી છે. દેશમાં જયારે જયારે આવા અવસરો આવે છે ત્યારે પૂર્ણતાનો અહેસાસ થાય છે, એમ કહીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આજે એવી ઐતિહાસિક ક્ષણ આવી છે, જેને મિટાવવી મુશ્કેલ છે. ભારત રાષ્ટ્રના ઈતિહાસમાં આ અત્યંત મહત્વની ક્ષણ હંમેશા માટે અંકિત થઈ જશે. નરેન્દ્ર મોદીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટીના રાષ્ટ્રાર્પણના ઐતિહાસિક અવસરે તમામ ગુજરાતીઓને, ભારત દેશવાસીઓને અને હિન્દુસ્તાનને પ્રેમ કરતા હર કોઈને અભિનંદન પાઠવ્યા હતા. ભારતની એકતા માટે સમર્પિત વિરાટ વ્યક્તિત્વને આઝાદીથી અત્યાર સુધીમાં યોગ્ય સ્થાન નહોતું મળ્યું, એટલે સતત અધુરપનો અહેસાસ થતો હતો, એમ કહીને નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, આજે સરદાર વલ્લભભાઈ પટેલ જેવા વિરાટ વ્યક્તિત્વને યોગ્ય સ્થાન આપીને ઈતિહાસના સ્વર્ણિમ પૃષ્ઠને ઉજાગર કરવાનું કામ થયું છે. આજે ધરતીથી લઈને આસમાન સુધી સરદાર પટેલ પર અભિષેક થઈ રહ્યો છે. વિશ્વની ઊંચામાં ઊંચી પ્રતિમાનું નિર્માણ કરીને ભારતે ઈતિહાસ તો સજર્યો જ છે. આવનારી પેઢીને ભવિષ્યમાં પ્રેરણા મળતી રહે તે માટેનો ગગનચુંબી આધાર તૈયાર કર્યો છે. સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વમાં ઊંચામાં ઊંચી પ્રતિમા રાષ્ટ્રને સમર્પિત કરવાનો અવસર મળ્યો તેને પોતાનું સૌભાગ્ય ગણાવતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જયારે મેં આ મહાન પ્રતિમાના નિર્માણની કલ્પના કરી હતી ત્યારે મને અહેસાસ નો'તો કે આ પ્રતિમાનું પ્રધાન મંત્રી તરીકે રાષ્ટ્રાર્પણ કરવાની પણ મને તક મળશે.

આ ઐતિહાસિક અને અમૂલ્ય તકને હું દેશના કોટિ-કોટિ જનતાના આશીર્વાદ માનું છું, ધન્યતા અનુભવું છું અને આ માટે ગુજરાતની જનતાનો આભારી છું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતની જનતા વતી આપેલા અભિનંદન પત્રને-સન્માનપત્રને આશીર્વાદ તરીકે સ્વીકારીને તેમણે કહ્યું કે, જેમ મા પોતાના બાળકની પીઠ પર હાથ રાખે તો બાળકની તાકાત, ઉત્સાહ અને ઊર્જા હજ્જાર ગણી વધી જતી હોય છે. આજે ગુજરાતની જનતાએ આપેલા સન્માનપત્રમાં હું એ આશીર્વાદની અનુભૂતિ કરી રહ્યો છું. સરદાર વલ્લભભાઈ પટેલની આ પ્રતિમાને સાહસ, સામર્થ્ય અને અખંડ ભારતના સંકલ્પની સતત યાદ અપાવતી રહેશે એમ કહીને નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, દેશના લાખો ગામોના કરોડો કિસાન પરિવારોએ આ પ્રતિમાના નિર્માણને જન આંદોલન બનાવ્યું હતું. સેંકડો મેટ્રીક ટન લોખંડ કિસાનોએ આપ્યું છે, જે આ પ્રતિમાના પાયામાં છે.

### સરદારની પ્રતિમાના ૯૧ વર્ષીય શિલ્પકાર રામ સુથારનુ સન્માન કરાયુ



કેવડિયા કોલોની,તા.૩૧

કેવડિયા કોલોની ખાતે સરદાર પટેલની પ્રતિમાને રાષ્ટ્રને સમર્પિત કરવાની સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પ્રતિમાના શિલ્પી એવા ૯૧ વર્ષના શિલ્પકાર રામ સુથાર અને તેમના પુત્ર અનિલભાઈ સુથારનુ સન્માન કર્યુ હતુ.

આજના કાર્યક્રમ માટે તેમને ખાસ આમંત્રિત કરવામાં આવ્યા હતા.૯૧ વર્ષના રામ સુથાર મૂળે મહારાષ્ટ્રના છે અને ૧૯૫૯થી દિલ્હીમાં સ્થાયી થયા છે.

તેમણે એક વાતચીતમાં કહ્યું હતુ કે જ્યારથી હું શિલ્પકલા શીખ્યો છું ત્યારથી મારી ઈચ્છા એક વિરાટ પ્રતિમા બનાવવાની હતી.૧૯૪૭માં હનુમાનજીની હૃદય ચીરીને ભગવાન રામને દર્શાવતી એક વિરાટ કાય મૂર્તિ બનાવવાનુ નક્કી થયુ હતુ.કોઈ કારણસર આ પ્રોજેક્ટ આગળ વધી શક્યો ન હતો.એ પછી સરદારની પ્રતિમા બનાવવાનો મોકો મળ્યો હતો.














## ૩૧થી વધુ રાજ્યોના કલાકાર દ્વારા મોદીનું કરાયેલું સ્વાગત

### મહાનુભાવોનું વેલકમ બેન્ડથી ભવ્ય સ્વાગત : સુરક્ષા દળો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા

અમદાવાદ,તા.૩૧

ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની કેવડીયા કોલોની ખાતે વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'નું આજે ૩૧ ઓકટોબરે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રાર્પણ કરાયું હતું. આ વેળાએ દેશભરના ૨૯ રાજ્યો અને બે કેન્દ્ર શાસિત પ્રદેશોના કલાકારો દ્વારા ભવ્યાતિભવ્ય રંગારંગ કાર્યક્રમની સાથે-સાથે આર્મ ફોર્સિસ, પેરા મીલીટરી ફોર્સિસ અને રાજ્ય પોલીસ દ્વારા વિવિધ સાંસ્કૃત્તિક કાર્યક્રમો યોજાયા હતા. ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણી ઉત્સાહપૂર્વક કેવડીયા કોલોની, નર્મદા ખાતે કરવામાં આવી હતી. જેમાં ભારતની આંતરિક અને સરહદીય સુરક્ષા જેના ખભા પર છે તેવા ગુજરાત પોલીસ દળ, એસઆરપીએફ, સીઆરપીએફ, આર્મી, નેવી અને એર ફોર્સના ૭ દ્વારા સાંગીતિક પ્રસ્તુતિ કરાઈ હતી. ઉપરાંત ભારત વર્ષમાંથી ૨૯ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત પ્રદેશોના શ્રેષ્ઠ સાંસ્કૃતિક વૃંદો પોતાની સાંસ્કૃતિક ધરોહરની પ્રસ્તુતિ કરીને વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળા, મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલ, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબમુખ્યમંત્રી નીતિન પટેલ, ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, મુખ્ય સચિવ ડાૅ. જેએન સિંઘ સહિત મહાનુભાવોએ ઉપસ્થિત રહીને સાંસ્કૃતિક કાર્યક્રમો નિહાળ્યા હતા. સૌ પ્રથમ ગુજરાત પોલીસના બ્યુગલર્સ દ્વારા મહાનુભાવોનું વેલકમ બેન્ડથી સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજ્યોના સાંસ્કૃતિક ધરોહર સમા સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ બાદ ભારત દેશની આન-બાન અને શાન સમા પોલીસ દળ અને સરહદોની સુરક્ષા કરતા સશસ્ત્રદળો દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જેમાં ગુજરાત પોલીસ દ્વારા વંદે માતરમ, એસઆરપીએફ દ્વારા એ મેરે વતન કે લોગો, સીઆરપીએફ દ્વારા દેશો કા સરતાજ ભારત, બીએસએફ દ્વારા મેરા મુલ્ક મેરા દેશ, મેરા યે વતન, આર્મી દ્વારા કદમ કદમ બઢાયે જા, બીટ નં-૧ અને એરફોર્સ દ્વારા સારે જહાં સે અચ્છા હિન્દુસ્તા હમારા જેવા ગીતોની પ્રસ્તુતિ કરીને રાષ્ટ્ર ભક્તિમય વાતાવરણ ઉભુ થયું હતું.

### રાષ્ટ્રાર્પણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રેષ્ઠ ભારત ભવન, સરદાર મ્યુઝિયમ અને અન્ય કાર્યક્રમોનું નિરીક્ષણ કરીને લોકાર્પણ કર્યા હતા. વડાપ્રધાન સહિત શ્રેણીબદ્ધ વીઆઈપી લોકો કાર્યક્રમવેળા ઉપસ્થિત રહ્યા હતા. ૫૦૦૦થી પણ વધુ સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ૩૩ રાજ્યોના કલાકારો રંગારંગ કાર્યક્રમ રજૂ કરીને તમામના મન જીતવામાં સફળ રહ્યા હતા. ગુજરાત પોલીસના જવાનો પણ જુદા જુદા કાર્યક્રમો રજૂ કરીને તમામને રોમાંચિત કરવામાં સફળ રહ્યા હતા. સુર્યકિરણ અને જગુઆર વિમાન મારફતે પ્રતિમાને સલામી આપવામાં આવી હતી. એ વખતે તમામ ભારતીયો ગૌરવની ભાવનાથી ભરાઈ ગયા હતા. સૂર્યકિરણ વિમાને આસમાનમાં તિરંગાની રચના કરી હતી. ત્રણેય હેલિકોપ્ટરથી પ્રતિમા પર ફુલોનો વરસાદ કરવામાં આવ્યો હતો. પોલીસ બેન્ડ દ્વારા તમામ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ભાગરુપે ૩૦ નદીઓમાંથી જળ સ્ટેચ્યુ ઓફ યુનિટીના સ્થળે લાવવામાં આવ્યા બાદ મંત્રોચ્ચારની સાથે સરદાર પટેલની પ્રતિમા ઉપર જળાભિષેકની વિધિ યોજવામાં આવી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટી ભારત માટે જ નહીં બલ્કે વિશ્વ માટે એક દાખલા સમાન બની ગઈ છે. આની અનેક વિશેષતા રહેલી છે જેના ભાગરુપે પ્રચંડ ભૂકંપની સ્થિતિમાં પણ સરદાર સાહેબની પ્રતિમા અકબંધ રહેશે. આ પ્રતિમા પ્રચંડ વાવાઝોડું આવશે તો પણ અકબંધ રહેશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણમાં ૫૭૦૦ મેટ્રિક ટન સ્ટ્રક્ચરલ સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### અનાવરણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુનિટીનું અનાવરણ કર્યું હતું. આઝાદીની ચળવળ દરમિયાન સરદાર પટેલે ખેડૂત આંદોલનોનું નેતૃત્વ કર્યું હતું. જેને લઈને દેશના ખેડૂતોએ તેમના ખેતીના ઓજારોના લોખંડના ટુકડા અને માટીનું દાન કરી સરદાર સાહેબને શ્રદ્ધાંજલિ પાઠવી છે. સામાજીક સંસ્થાઓ અને સ્વયંસેવકો દ્વારા દેશના ૧.૬૯ લાખ ગામોમાંથી એકત્રિત કરેલ જુદા જુદા આકાર, રંગ, મહેંક, કદ અને ઘટક ધરાવતી માટીમાંથી વોલ ઓફ યુનિટીનું નિર્માણ કરવામાં આવ્યું છે. માટીથી બનેલી આ વોલ ઓફ યુનિટીએ ખેડૂતો દ્વારા સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં આપેલા પ્રદાનનું પ્રતિક છે. જુદા જુદા રંગ, આકાર, કદ, સુગંધ અને ઘટક ધરાવતી આ માટીની દિવાલ દેશની જુદી જુદી સંસ્કૃતિઓમાં રહેલી એકતાની મિશાલ છે.

### કિંમત

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે, તે રાફેલ સોદાબાજી સાથે સંબંધિત ટેકનિકલી માહિતી મેળવવા ઈચ્છુક નથી. કોર્ટે કહ્યું હતું કે, જો વિમાનની કિંમત ખાસ સૂચના મુજબ છે અને તેને કોઈની સાથે વહેંચી શકાય તેવી નથી તો આના માટે એફિડેવિટ દાખલ કરી શકાય છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વમાં ત્રણ સભ્યોની બેંચે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર આ ડિલને લઈને લેવામાં આવેલા નિર્ણયોની પ્રક્રિયાની માહિતી પબ્લિક ડોમેનમાં લઈને આવે તે જરૂરી છે. સાથે સાથે સરકારને એવી રાહત પણ આપી છે કે, ગુપ્ત અને વ્યૂહાત્મક મહત્વની માહિતી આપવાની કોઈ જરૂર નથી. સુપ્રીમ કોર્ટમાં આ મામલાની વધુ સુનાવણી હવે ૧૪મી નવેમ્બરના દિવસે હાથ ધરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટે એટર્ની જનરલ કેકે વેણુગોપાલને મૌખિકરીતે કહ્યું હતું કે, જો યુદ્ધ વિમાનોની કિંમત ગુપ્ત રાખવાની જોગવાઈ છે તો આને લઈને એફિડેવિટ દાખલ કરવામાં આવે તે જરૂરી છે. રાફેલ ડિલ સાથે જોડાયેલી ચાર અરજીઓ ઉપર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે આ મુજબની વાત કરી હતી.

### બસ સેવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારે બીજીતરફ ગાંધીનગર ડેપોથી સીધી અન્ય શહેરોને જોડતી બસ સેવા શરૂ કરવામાં આવી રહી છે.

મુસાફરોની માટે આનંદની વાત છે કે ગાંધીનગર ડેપોથી અમરેલી વાયા વલ્લભીપુર ઢસા રૂટની બસ શરૂ કરવામાં આવી છે. ગાંધીનગરથી અમરેલી માટે બપોરે ૧ કલાકે નવી ટુ બાય ટુ ની એ સી બસ અમરેલી જવા માટે મળશે. આ બસ સેવા શરૂ થતા સૌરાષ્ટ્રના રૂટના મુસાફરોમાં હાંશકારો પ્રવર્તાયો છે. ગાંધીનગર પાટનગર હોવાના નાતે સચિવાલય તેમજ અન્ય સરકારી કચેરીઓ અહીં કાર્યરત છે. ત્યારે રાજયના અન્ય શહેરોમાંથી પાટનગરની મુલાકાતે આવતા કર્ચારીઓ તેમજ મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ છે. આવા સંજોગોમાં નવા રૂટની બસ સેવા શરૂ કરવા માટે અવારનવાર માંગ ઉઠવા પામે છે. જેને ધ્યાને લઈ ગાંધીનગર ડેપોથી નવી બસ સેવા શરૂ કરવામાં આવી રહી છે. જયારે ખાનગી બસ સેવાને ધ્યાને રાખી એસ ટી તંત્ર દ્વારા પણ હવે એ સી બસ સેવા શરૂ કરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં નવા રૂટમાં પણ એ સી બસ સેવા શરૂ કરાશે.

### નવી ટ્રેઈનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ગાંધીનગર સ્ટેશનને અન્ય રાજયોના પાટનગરોની જેમ વિકસાવવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેમાં મુસાફરલક્ષી સુવિધાઓ ઉભી કરવા ઉપરાંત દેશના અન્ય મહાનગરો સાથે જોડતી ટ્રેઈન સેવા પણ શરૂ થાય તે દિશામાં આયોજન કરવામાં આવી રહ્યુ છે. સ્ટેશનને અન્ય ટ્રેઈન સેવા સાથે જોડવા કેટલીક ટ્રેઈનો લંબાવવા માટે છેલ્લા એક દાયકાથી વધુ સમયથી માંગણી કરવામાં આવી રહી છે. પરંતુ આ દિશામા કોઈ પગલા લેવાતા નથી. જયારે હવે હોટલ નિર્માણનુ કામ પુર્ણ થયા બાદ આગામી ડિસેમ્બર મહીનાના અંતે ગાંધીનગર સ્ટેશન પર નવી ટ્રેઈનો દોડતી થાય તેવુ આયોજન કરવામાં આવી રહ્યુ હોવાનુ શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાંવ્યુ છે. જેમાં નવજીવન એકસપ્રેસ રાજકોટ ઈન્ટરસીટી સહીત ત્રણ જેટલી ટ્રેઈનનો સમાવેશ થાય છે. નવી ટ્રેઈન સેવા શરૂ થવાના લીધે ગાંધીનગર સ્ટેશન ધબકતુ થશે. જયારે હોટલ નિર્માણના અંતે સ્ટેશન પર નવી ટ્રેઈનો શરૂ થતા આ વિસ્તારનો નઝારો બદલાશે.

### મનના ઉમંગો

● ચોથા પાનાનું ચાલું

શકાય છે. તેમના શબ્દો કાગળ પર ઠલવાઈ પડે છે. સરસ લખાવટ માટેની સારસંભાળ તેમાં દેખાતી નથી. કાગળ પર કલમ મૂકી તે કામ બને તેટલી ઉતાવળે પતાવી દેવાની મનોવૃતિ તેમનામાં દેખાઈ આવે છે. તેમના વાક્યોમાં સંદિગ્ધતા હોતી નથી. અને તેમાં "પરંતુ" અથવા "બીજી રીતે" તેવું ભાગ્યે જ જોવા મળશે. વલ્લભભાઈના કહેવાનો અર્થ સ્પષ્ટ હોય છે. પરંતુ તેમાં ક્યારેક ધ્વનિ અથવા જોડણી માટે પણ ઉપેક્ષા જણાય છે. કેટલાક અંગ્રેજી વાક્યપ્રયોગો પણ બરાબર હોતા નથી.કાગળોના મુસદ્દા ઘડવા, ગોઠવણ કરવી અને તેમાં ભૂલો સુધારવી તેમને ગમતી નથી. વલ્લભભાઈ કાગળો ઘસડી કાઢે છે. જયારે જરૂર પડે ત્યારે વલ્લભભાઈ સ્પષ્ટ રીતે અને તાબડતોબ પોતાનો મત, નિર્ણય અને આદેશ આપે છે. સંભાળપૂર્વક અને વિચારપૂર્વક વલ્લભભાઈએ પોતાનાં વાક્યોને મઠાર્યા હોય તેવું જવલ્લે જ જોવા મળે છે.

ઘણીવાર મનમાં એવું થાય છે કે જો વલ્લભભાઈએ ક્યારેક લખવાની શરૂઆત કરી હોત તો તેમની પાસે અનુભવ, કહેવતો, દ્રષ્ટાંતો અને યાદશક્તિની ક્યાં કમી હતી ? અને લખતા લખતા જે વાતો લખાઈ જાત તે આપણા માટે કેટલી કિમતી બની શકત ? કમસે કમ અત્યારે જે ખોટી વાતો એમના નામે ચગાવવામાં આવે છે તે તો ટાળી શકાત ને ?

આ બધું જે હોય તે ખરું પણ વલ્લભભાઈએ આ દેશના સઘળા રજવાડાને એવા સરસ રીતે ભારતમાં ભેળવ્યા અને એટલી સુંદર માળા ગૂંથી કાઢી કે આપણને હવે યાદ પણ નથી આવતું કે આપણે મૂળ કયા રાજ્યની પ્રજા હતા. આપણી નજર સમક્ષ એક જ દેશ આવે છે અને તે ભારત.એટલે જ કવિશ્રી ઉમાશંકર જોષીએ કહ્યું છે કે વલ્લભભાઈ શબ્દોના માણસ ન હતા, તેઓ કાર્યના માણસ હતા.

(સરદાર પટેલ- રાજમોહન ગાંધીના આધારે)